# બળદની ચિંતા

– એસ. સુધા રાની

અમરપુરના એક ધનિક ખેડૂત, જગ્ગુભાઈએ બળદની એક જોડ ખરીદી. તેમને ખેતરમાં કામે લગાડયાં તો એક બળદ તો ખૂબ સ્ફૂર્તિમાં કામ કરતો પણ બીજો દસ મિનિટ પછી ઊભો રહી જતો. બળજબરીથી કામ કરાવવાનો પ્રયાસ કર્યો. તો તે ટસથી મસ ન થયો. આવું એક અઠવાડિયા સુધી ચાલ્યું. પછી તેણે બંને બળદને વેચવાનો નિર્ણય કર્યો.



જગ્ગુએ પોતાના મિત્ર બિલ્લુને કહ્યું, ''મેં હાલમાં જ ખરીદેલ બળદની જોડી વેચવાનું નક્કી કર્યું છે. તું પણ જોઈલે અને તારે જોતાં હોય તો તું લઈ લે. પૈસા તારી અનુકૂળતાએ આપજે.''

બિલ્લુએ તેમને ધ્યાનથી જોયા, અને ખરીદીને પોતાને ઘેર લઈ ગયો. એક મહિનો વીતી ગયો. જગ્ગુભાઈને એ જાણવાની ઉત્સુકતા થઈ કે તે બળદો કેવી રીતે કામ કરી રહ્યાં છે. તે બિલ્લુના ખેતરે ગયો. તેણે જોયું કે બંને બળદ સરસ મજાના ખેતર ખેડી રહ્યા હતા. અહીં તો પેલો ઢીલો બળદ પણ પૂરી ઝડપે દોડી રહ્યો હતો. જગ્ગુભાઈએ બિલ્લુને આ વિશે પૂછ્યું.

''મને બળદ ખરીદતા પહેલાં જ તારા ખેતરનાં મજૂરો પાસેથી આના વિશે ખબર પડી ગઈ હતી. આમાંથી એક બળદનું કામ કરવાની ના પાડવા પાછળનું કારણ એ હતું કે તે યુવાન બળદ જ્યાં

સુધી દૃષ્ટિ જાય ત્યાં ફેલાયેલા તારા ખેતર જોઈને ગભરાઈ રહ્યો હતો. તેને આટલું મોટું ખેતર દેખાતું એટલે એ સમજતો કે અસીમિત કામ છે.''

''પરંતુ અહીં મારા ખેતરમાં તેને માથું ઊંચું કરતાની સાથે જ સામે ખેતરની હદ દેખાવા લાગે છે. તેથી તે મારા ખેતરને જરા પણ ગભરાયા વગર ખેડી રહ્યો છે.'' જગ્ગુભાઈએ પોતાના મિત્રની સમજદારીના મનમાં ને મનમાં વખાણ કર્યાં.

■